**DATE: 12/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### નાપાસ કરવાની ધમકી આપી કૃત્ય આચર્યું

# સગીર વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચરનાર આચાર્ય ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચના નપના ચોક વિસ્તારની સરસ્વતિ સ્કૂલમાં અભ્યાસ કરતી છાત્રાને નાપાસ કરવાની ધમકી આપી આચાર્યએ દુષ્કર્મ આચર્યું હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સગીર વિદ્યાર્થિનીની માતાએ ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે પ્રિન્સિપાલની ધરપકડ કરવા સાથે બન્નેના મેડિકલ ટેસ્ટ કરવાની કવાયત હાથ ધરી છે.

ભરૂચ શહેરના નપના ચોક વિસ્તારમાં આવેલી સરસ્વતિ સ્કૂલના પ્રિન્સિપાલ અને શિમદીઓક અંબાખાના વિસ્તારમાં રહેતાં રણજીત ઉર્ફે રાકેશ વિરજ પરમાર વિરૂદ્ધ ભરૂચ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં છાત્રા સાથે દુષ્કર્મની ફરિયાદ નોંધાઇ છે. શાળામાં અભ્યાસ કરતી એક છાત્રાની કેફિયતના આધારે તેના પરિવારે ફરિયાદમાં નોંધાવ્યું હતું કે, તેને પરીક્ષામાં નાપાસ કરવાની ધમકીઓ આપી ઓગષ્ટ મહિનામાં પેપર તપાસવાના બહાને છાત્રાને ઓફિસમાં બોલાવી તેનું મોઢું દબાવી મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. જેના અઠવાડિયા બાદ પણ ધોરણ 9ના ક્લાસમાં બોલાવી દુષ્કર્મ આચર્યું હતું. તેમજ અન્ય એકવાર ઓફિસમાં હાજરીપત્રક રજીસ્ટર લખવાના બહાને બોલાવી શારીરિક અડપલાં કર્યાં હોવાના આક્ષેપ કર્યાં છે. પોલીસે આઇપીસીની દુષ્કર્મની તેમજ પોક્સો એક્ટની કલમો હેઠળ પ્રિન્સિપાલ વિરૂદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. ઉપરાંત પોલીસે બન્નેના મેડિકલ ટેસ્ટ કરવાની કવાયત પણ હાથ ધરી હતી.

## હું 9માં ધોરણમાં હતી ત્યારથી હેરાન કરતો હતો

હું ધોરણ 9માં અભ્યાસ કરતી હતી ત્યારે પણ આચાર્ય મને પરીક્ષામાં નાપાસ કરવાની ધમકી આપી બળજબરીથી કિસ કરતાં હતાં. તેમજ 9માં ધોરણમાં 2 માર્કસ માટે મને નાપાસ કર્યાં બાદ ગ્રેસ આપી પાસ કરી હતી. હવે 10માં ધોરણમાં આવતાં ઓગષ્ટ મહિનામાં મારી સાથે બે વાર શારીરિક સંબંધ બાંધ્યાં હતાં. જ્યારે એક વાર શારીરિક અડપલાં કર્યાં હતાં. - ભોગ બનનાર બાળકી

## ફરિયાદ મળતાં જ આરોપી વિરુદ્ધ કાર્યવાહી કરી

સરસ્વતિ સ્કૂલના પ્રિન્સિપાલ દ્વારા એક છાત્રાને નાપાસ કરવાની ધમકી આપી તેની સાથે 3 વાર દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાઇ છે. આરોપીની ધરપકડ કરી તેનું તબીબી પરીક્ષણ કરવાની કવાયત શરૂ કરાઇ છે. મામલાની તપાસ ઇન્વેસ્ટિગેશન યુનિટ ઓફ ક્રાઇમ અગેઇન્સ્ટ વુમનના પીએસઆઇ એચ. બી. ચાહોડને સોંપાઇ છે. - વિકાસ સુંડા, એસપી, ભરૂચ

## આચાર્યએ તેની એક શિષ્યા સાથે જ લગ્ન કર્યાં છે

મારી બહેને મને ફોન કરી ઘરે બોલાવી હતી. હું ઘરે આવતાં તેણે મને જણાવ્યું હતું કે, પ્રિન્સિપાલ તેની સાથે ખરાબ કામ કરે છે. આ પ્રિન્સિપાલ ટ્યુશન પણ કરાવે છે. તેણે તેના ત્યાં અભ્યાસ કરવા આવતી એક છાત્રા સાથે જ લગ્ન કરી તેની સાથે રહે છે. - ભોગ બનનાર બાળકીની બહેન

**DATE: 12/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ઝઘડિયાના નવાગામમાંથી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ જીલ્લાના ઝઘડિયા તાલુકાના નવાગામ નજીકથી પોલીસે વિદેશી દારુનો જથ્થો ઝડપી લીધો હતો. નવાગામ નજીક આવેલ નહેર નજીક વાંકી લીમડી પાસે વાલિયા તાલુકાના દરમહુડા ગામના હસમુખ ઉર્ફે બાબર વસાવાએ ભારતીય બનાવટના દારુનો જથ્થો વેચાણ કરવાના ઈરાદે સંતાડી રાખેલ છે. પોલીસે છાપો મારી દારુની નાનીમોટી બોટલો તેમજ ટીન કિંમત રૂ.45,200/- ઝડપી લીધો હતો.

**DATE: 12/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

રાજપારડી પોલીસની સરાહનીય કામગીરી

# બાવાગોરની દરગાહથી ગુમ થયેલો યુવાન મળ્યો

ભાસ્કર ન્યૂઝ | રાજપારડી

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં આવેલ સુફીસંત હઝરત બાવાગોરની દરગાહે આવેલ જંબુસર તાલુકાના દહેગામ કાવીનો અસ્થિર મગજનો યાકુબ મલેક નામનો યુવાન ગત તા. ૨૫ મીના રોજ વિખુટો પડી ગયો હતો. આ અસ્થિર મગજ ધરાવતો યુવાન ગુમ થતાં રાજપારડી પોલીસમાં ફરિયાદ લખાવવામાં આવી હતી. રાજપારડી પીએસઆઇ જી.આઇ. રાઠોડે ત્યારબાદ આ અંગે જરુરી તપાસ હાથ ધરી હતી. દરમિયાન પોલીસને મળેલ માહિતીના



આધારે આ યુવક હાંસોટ ખાતેથી મળી આવ્યો હતો. આ યુવકને પોલીસે તેના પરિવારને સોંપ્યો હતો. યુવાન ગમ થયા બાદ પરિવાર ચિંતાતુર બની ગયો હતો.અનેક સ્થળોએ શોધખોળ કરવા છતાં તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

**DATE: 14/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### માલિકે નોકરીમાંથી કાઢી મૂકતાં ટ્રકની ચોરી કરી હતી

# ભરૂચમાંથી ચોરાયેલી ટ્રક પારખેતથી મળી, 3 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચના ભોલાવ ખાતે આવેલાં અતિથિ બંગ્લોઝ ખાતે રહેતાં જિતેન્દ્ર દિનેશચંદ્ર પટેલ કન્સ્ટ્રક્શન અને ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે જોડાયેલાં છે. તેમની ટ્રક પર ડ્રાઈવર તરીકે નોકરી કરતાં રામપ્રસાદ જેઠુ કોલ તેમજ મનોજ રામજી કોલ (બન્ને રહે. મિરજાપુર, યુપી) તેમનો વ્યવહાર વ્યવસ્થિત ન હોવાથી તેમણે બન્નેને નોકરી પરથી કાઢી મુક્યાં હતાં. જ્યારે તેમની સાથેનો અન્ય એક ડ્રાઈવર પંચદેવ પરતાબ કોલ (રહે.મીરજાપુર, યુપી) નોકરીએ રહીશ તેમ જણાવ્યું હતું. તે બાદ તેણે નોકરીએથી કાઢી મુકાયેલાં બન્ને ડ્રાઈવર સાથે મળી ટ્રક ચોરી કરી ફરાર થઈ ગયાં હતાં. બનાવ સંદર્ભે ભરૂચ સી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ શરૂ કરી સીસીટીવી ફૂટેજના આધારે ટ્રક ચોરોના સગડ મેળવવાની કવાયત હાથ ધરતાં ટ્રક નર્મદા ચોકડીથી નબીપુર હાઈવે તરફ ગયાંની જાણ થઈ હતી. ટીમે હ્યુમન ઈન્ટેલિજન્સ તેમજ ટેક્નિકલ સર્વેલન્સની મદદથી તપાસ કરતાં ત્રણેયે ટ્રક પારખેત ગામની સીમમાં મુકી તેઓ વિલાયત જીઆઈડીસી વિસ્તારમાં સંતાયાં હોવાનું માલુમ પડતાં ટીમે ત્રણેયને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 14/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### શેરડીના કટિંગ સમયે વિખૂટી પડી ગઈ હતી

# રાજપારડીમાંથી મળી આવેલી બાળકીનો પરિવાર સાથે ભેટો

ભાસ્કર ન્યૂઝ | રાજપારડી



ઝઘડિયા તાલુકાના રાજપારડી ગામમાં પોલીસ પેટ્રોલિંગમાં હતી તે સમય એ અવિધા રોડ પર આવેલી ખાડી પાસે એક બાળકી જોવા મળી હતી. બાળકી એકલી હોવાથી પોલીસ કર્મચારીઓએ તેની પાસે જઈ તેની પુછપરછ આદરી હતી. બાળકીએ તેનું નામ આરતી અને ઈલાવથી અવિધા ગામમાં માતા-પિતા સાથે ખેતરોમાં શેરડી કાપવા માટે આવી હોવાનું જણાવ્યું હતું. બાળકીએ પોતે પરિવારથી વિખુટી પડી હોવાનું કહેતા પોલીસે તેના વાલીવારસોની શોધખોળ શરૂ કરી હતી. પીએસઆઈ રાઠોડે બાળકીનું માતા પિતા સાથે મિલન કરાવ્યું હતું. આ બાળકીને તેના પરિવારજનોનો સાથે મેળાપ થતાં શેરડી કટિંગ કરનાર પરિવારોમાં ખુશી નો માહોલ જોવા મળ્યો હતો.

**DATE: 15/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# અંકલેશ્વરમાંથી દારૂની ખેપ મારતો ખેપિયો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

સુરતના અમરોલીના શ્યામ કોમ્પલેક્ષ રહેતા બુટલેગર આલોપ સિંધએ પોતાની કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી અંકલેશ્વર ખાતે મોકલ્યો હતો.અંકલેશ્વર શહેર પોલીસે ચૌટા નાકા પાસે આવેલા મેઘના આર્કેટની પાછળના ભાગે પાર્કિંગમાં ઉભેલી કાર ને પકડી લીધી હતી.પોલીસે કારમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની મોંઘા ભાવની 61 નંગ બોટલો કબજે કરી હતી.પોલીસે 32 હજારથી વધુનો દારૂનો જથ્થો અને કાર મળી કુલ 2.42 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**DATE: 15/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### મુસાફરોની વસ્તુઓની ઉઠાંતરી કર્યાની કબૂલાત

# અંકલેશ્વર શહેરમાં ચોરીનો સામાન વેચતો ગઠિયો ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસે અનમોલ પ્લાઝાના પહેલા માળના દાદર પાસે ઉભા રહીને ચોરીના લેપટોપ, પાસપોર્ટ સહિતનો સામાન વેચવાની ફિરાકમાં ફરતા ગઠિયાને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વર શહેર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો, તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે, અનમોલ પ્લાઝા કોમ્પલેક્ષ પહેલા માળની દાદર ઉપર એક ઈસમ ચોરીની બેગ લઈને ઉભો છે. પોલીસને મળેલી બાતમીના આધારે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમી વાળી ઈસમ મળી આવતા તેની પાસે રહેલી બેગમાં તપાસ કરતા તેમાંથી લેપટોપ, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ અને પાનકાર્ડ સહીત પર્સ મળી કુલ રૂ. 40 હજારથી વધુના મુદ્દામાલ કબજે કરાયો હતો. તેની વધુ પુછપરછ કરતા તેમણે જણાવ્યું હતું કે તે અંકલેશ્વર રેલ્વે સ્ટેશન થી સુરત જતી ટ્રેનમાં સવાર થઈ ગયો હતો. ત્યારબાદ ચાલુ ટ્રેનમાં સુઈ ગયેલા મુસાફરોની બેગ ચોરી કરીને સુરત થી અંકલેશ્વર ખાતે વેચવા આવ્યો હોવાનું કબુલ કર્યું હતું. પોલીસે મૂળ મધ્યપ્રદેશનો અને હાલ પાનોલી ના મહારાજા નગરમાં રહેતા સુરજ રાજેન્દ્ર પ્રસાદને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 15/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### સરસ્વતી પાર્કમાં પોલીસ-ગૌરક્ષકોના દરોડા

# અંકલેશ્વરમાં મકાનમાંથી કથિત ગૌમાંસ મળી આવ્યું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર સરસ્વતી પાર્ક ખાતે ગૌ વંશ ની કતલ થતી હોવાની ચોક્કસ માહિતી આધારે ગૌ રક્ષક નું સર્ચ કર્યું હતું. પોલીસ સાથે રાખી મોડી રાત્રીના સર્ચ કરતા ઘરમાંથી કથિત ગૌવંશ કતલ કરેલી હાલતમાં મળી આવ્યું હતું. કથિત ગૌમાંસની વધુ તપાસ માટે એફએએસએલની ટીમને બોલાવવામાં આવી હતી.

અંકલેશ્વરના અંબોલી રોડ ઓર આવેલી સરસ્વતી પાર્ક સોસાયટી પાસે ગૌ વંશ ની કતલ કરવામાં આવી રહી હોવાની ચોક્કસ માહિતી ગૌ રક્ષકોને મળી હતી જે આધારે ગત રાત્રી ના સમયે ગૌરક્ષકો તથા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી.

પોલીસ ના સર્ચ દરમિયાન ત્યાં માત્ર સ્વીફ્ટ કાર મળી આવી હતી પણ કોઈ ઈસમ મળી આવ્યો ના હતો. જે આધારે પોલીસે કાર જપ્ત કરી હતી તેમજ ત્યાં રહેલા મૃતપ્રાય ગૌ વંશ ને જપ્ત કરી એફ.એસ. એલ માં જાણ કરી હતી જે આધારે એફ.એસ.એલ ટીમ પણ સ્થળ પર દોડી આવી હતી. અને સ્થળ તપાસ કરી જરૂરી નમૂના લઈ પૃથક્કરણ માટે મોકલી આપ્યા હતા. પોલીસ દ્વારા ઘટના અંગે એફ.એસ.એલ રિપોર્ટ ની રાહ જોવાઈ રહી છે.

**DATE: 16/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### અંકલેશ્વરમાં ચોરી કરી આરોપી વલસાડ છુપાયો હતો

# અંકલેશ્વર જીઆઈડીસીમાં 3 ઘરફોડ ચોરીનો આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં વધતા જતા બનાવને ધ્યાનમાં લઈ ચેકિંગ વેળાં એલસીબીને ચોક્કસ માહિતી મળી હતી કે અંકલેશ્વર આદિત્ય નગર ખાતે થયેલ ચોરીના 2 ગુનામાં મૂળ બિહારના અને મુંબઈ બોઈસર રહેતા ધીરજસિંગ દિલીપસિંગની સંડોવણી હતી જે હાલ વલસાડ ખાતે છુપાયેલો છે. જે આધારે એલસીબી પોલીસ અને જીઆઈડીસી પોલીસની ટીમ વલસાડ ખાતે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જ્યાં માહિતી આધારે પોલીસે ઝડપી પાડ્યો હતો. જેને અંકલેશ્વર લઈ આવી પુછપરછ કરતા આદિત્ય નગર માં થયેલ 3 ઘરફોડ ચોરીની કબૂલાત કરી હતી. પોલીસે તેની પાસેથી 5 મોબાઈલ તેમજ ઈયરબર્ડ અને રોકડ રૂપિયા મળી 53 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ એ તેની વધુ કડકાઈ થી પૂછપરછ કરતા ટ્રેનમાંથી પોકેટ અને મોબાઈલ ચોરીના વધુ 5 ગુના કબૂલાત કરી હતી. પોલીસ દ્વારા હાલ ઝડપાયેલ ધીરજસિંગ દિલીપસિંગના રિમાન્ડની તજવીજ આરંભી હતી. તો ઝડપાયેલા ધીરજ સિંગ દિલીપ સિંગ સામે અગાવ મહારાષ્ટ્રના પાલઘર પોલીસે ઘરફોડ ચોરીમાં ઝડપી પાડ્યો હતો.` ધીરજસિંગ ખાસ કરી લોકલ ટ્રેનમાં મુંબઈથી ભરુચ મુસાફરી કરી અલગ અલગ ટ્રેનમાંથી પાકીટ તેમજ મોબાઈલ ચોરી કરી કોઈપણ રેલવે સ્ટેશને ઉતરી ત્યાં રોકાતો હતો.

**DATE: 16/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### દહેજ મરીન પોલીસે એક શખ્સની ધરપકડ કરી

# અંભેટા ગામે ગેરકાયદે ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા તાલુકાના અંભેટા ગામે દશામા મંદિર પાસે પતરાની કેબીનમાં ચાલતાં ગેરકાયદે ગેસ રિફીલિંગનું કૌભાંડ દહેજ મરીન પોલીસની ટીમે ઝડપી પાડ્યું હતું. પોલીસે સંચાલકની ધરપકડ કરી 4 ગેસના બોટલ સહિત કુલ 13 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વાગરા તાલુકામાં આવેલાં અંભેટા ગામે દશામા મંદિર પાસે એક શખ્સ પતરાનું કેબીન બનાવી તેમાં ગેરકાયદે રીતે ગેસ રિફિલ કરવાનું કૌભાંડ આચરતો હોવાની ચોક્કસ વિગતો દહેજ મરીન પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં વસંત દલપત ગોહિલ નામનો શખ્સ તેની કેબીનમાં લાકડાના ટેબલ પર ઈન્ડેન કંપનીનો ગેસનો બોટલ ઉંધો મુકી રિફીલિંગ પાઈપથી અન્ય એક ભુરા કલરના ગેસના બોટલમાં ગેસ ભરતો ઝડપાઈ ગયો હતો. ટીમે તેની પાસે ગેસ બોટલ રાખવા તેમજ રીફીલિંગ કરવા અધિકૃત પરવાનાની માંગણી કરતાં તે નહીં મળતાં ટીમે સ્થળ પરથી નાના-મોટા 4 બોટલ, વજન કાંટો તેમજ પાઈપ સહિત કુલ 13 હજાર ઉપરાંતની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઉપરાંત ગેસ રીફીલિંગનું કૌભાંડ આચરતા વસંત દલપત ગોહિલ વિરૂદ્ધ દહેજ મરીન પોલીસ મથકે ફરિયાદ નોંધી કૌભાંડમાં અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ તેની વિગતો મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 16/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## 5200 રૂપિયાનો ઈંગ્લિશ દારૂ જપ્ત કરાયો

# સારંગપુર ગામનો વોન્ટેડ બૂટલેગર આખરે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

રેન્જ આઈ.જી ની સ્કોર્ડ પોલીસ સારંગપુર ગામ ખાતે ઝડપી પાડેલ ઈંગ્લીશ દારૂ નો વોન્ટેડ બુટલેગર ને જીઆઈડીસી પોલીસે ઝડપી પાડ્યો હતો. દોઢ મહિના પૂર્વે ચોક્કસ માહિતી આધારે નવીનગરી ખાતે મનીષ વસાવા ના ઘરે દરોડા પાપડી ઝાડ નીચે સંતાડેલા ઈંગ્લીશ દારૂ ઝડપી પાડ્યો હતો. 5200 રૂપિયા નો ઈંગ્લીશ દારૂ જપ્ત કરી બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યો હતો.

રેન્જ આઈ.જી.ની ભરૂચની ટીમ દ્વારા પ્રોહિબિશનના ગુના સંદર્ભે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી આધારે અંકલેશ્વર ના સારંગપુર ગામ ખાતે કુખ્યાત બુટલેગર મનીષ વસાવા ને ત્યાં દરોડા પાડ્યા હતા અને ઘર ની પાછળ વાળા માં ઝાડ નીચે જમીન માં દાટેલો 5200 રૂપિયા નો ઈંગ્લીશ દારૂ ઝડપી પાડ્યો હતો. અને મનીષ વસાવા ને વોન્ટેડ જાહેર કર્યો હતો. દોઢ મહિના પૂર્વે ઝડપાયેલા ઈંગ્લીશ દારૂ પ્રકરણ માં વોન્ટેડ બુટલેગર મનીષ વસાવા ને જીઆઈડીસી પોલીસ ચોક્કસ માહિતી આધારે ગત રોજ ઝડપી પાડ્યો હતો. અને જેલભેગો કરી તેની વધુ પૂછપરછ આરંભી હતી.

**DATE: 16/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### એલસીબીએ આરોપીને શહેર પોલીસને સોંપ્યો

# પ્રતિન ચોકડી નજીકથી બે ગુનાનો વોન્ટેડ આરોપી ઝબ્બે

## ભરૂચમાં પણ અલ્પેશ વિરુદ્ધ ગુનો નોંધાયો છે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા પોલીસ મથકના વોન્ટેડ બુટલેગર પ્રતિન ચોકડી પરથી ઝડપી પાડ્યો હતો. કાસીયાનો કુખ્યાત બુટલેગર અલ્પેશ પટેલ સામે શહેર અને ભરૂચ સી ડિવિઝનમાં પણ પ્રોહિબિશનના ગુનામાં ઝડપાયો હતો. એલસીબી પોલીસે અલ્પેશને શહેર પોલીસના હવાલે કરી તાલુકા પોલીસને જાણ કરી હતી.

અંકલેશ્વર તાલુકા પોલીસ મથક ખાતે તાજેતરમાં ઝડપાયો હતો. ઈંગ્લીશ દારૂ પ્રકરણ માં અલ્પેશ ભીખા વસાવા વોન્ટેડ હતો. દરમિયાન ગત રોજ અંકલેશ્વર પ્રતિન ચોકડી વિસ્તારમાં એલસીબી પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન



ચોક્કસ માહિતી આધારે પ્રતિન ચોકડી પર વોચ ગોઠવી હતી. જ્યાં માહિતી આધારે અલ્પેશ પટેલ આવતા જ પોલીસ એ તેને ઝડપી પાડ્યો હતો. અને અંકલેશ્વર શહેર પોલીસના હવાલે કર્યો હતો. કુખ્યાત બુટલેગર અલ્પેશ પટેલ સામે અંકલેશ્વર શહેર અને ભરૂચ સી ડિવિઝન મથકે પણ પ્રોહિબિશનના ગુના નોંધાયા હતા અને તેની ધરપકડ પણ કરાઈ હતી. ત્યારે કુખ્યાત બુટલેગર અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે જાણ કરતાં તાલુકા પોલીસ એ ટ્રાન્સફર વોરન્ટ પર ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

**DATE: 16/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## CCTV, હ્યુમન ઈન્ટેલિજન્સથી ભેદ ઉકેલાયો

# અંકલેશ્વરમાંથી જેસીબી ચોરનાર શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના અંસાર માર્કેટ વિસ્તારમાં નરેશ મહાસુખ બારીયા દાદા ક્રેન સર્વિસ નામની ઓફિસમાં 8 વર્ષથી ક્રેન પર ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે.તે 11 મી સપ્ટેમ્બરના રોજ પોતાના કામકાજ પતાવીને અંસાર માર્કેટ ખાતે અમર તૃપ્તિ હોટલ નજીક આવેલી ખુલ્લી જગ્યામાં પોતાની ક્રેન પાર્ક અને લોક કરીને પોતાના ઘરે ચાલ્યો ગયો હતો. જ્યારે નરેશ બીજા દિવસે સવારે ક્રેન લેવા માટે આવ્યો હતો,ત્યારે જે સ્થળે તેને ક્રેન પાર્ક કરી હતી. તે સ્થળ પર ક્રેન જોવા નથી મળતા તેની આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી.પરંતુ ક્રેન કોઈ પણ સ્થળે મળી આવી ન હતી.તેથી તેણે આ અંગે તેના માલિકને જાણ કરી હતી. ત્યારબાદ નજીકમાં નસરૂભાઈના ત્યાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતા રાત્રીના સમયે એક અજાણ્યા ઈસમ ક્રેનને ચાલુ કરીને લઈ ગયો હોવાનું જણાયું હતું.જેથી નરેશ બારીયા માલિક ના કહ્યા મુજબ અંકલેશ્વર શહેર પોલીસ મથકમાં રૂ.4.30 લાખની ક્રેનની ચોરીની ફરિયાદ નોંધાવી હતી.જે અંગે અંકલેશ્વર પોલીસે સીસીટીવી ફૂટેજ મેળવી વધુ તપાસ હાથ ધરી છે. દરમિયાન પોલીસ ને ચોક્કસ માહિતી મળી હતી કે રાજપીપળા ચોકડી રોડ પર આવેલ વૈષ્ણવદેવી સોસાયટી માં રહેતા રામસીંગ સત્યનારાયણ સિંગ એ આ ક્રેન ચોરી કરી હતી અને ક્રેન ને વાલિયા ખાતે ગોદરેજ કંપની આગળ મૂકી આવ્યો હતો. જે આધારે પોલીસે ક્રેન કબ્જે કરી રામસીંગ ની ધરપકડ કરી હતી અને તેની પૂછપરછ કરતા તેને ક્રેન ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે 4.30 લાખ રૂપિયા ની ક્રેન ચોરી નો ભેદ ઉકેલી નાખી ચોરી કયા કારણોસર કરી હતી તે અંગે પૂછપરછ આરંભી હતી.

**DATE: 17/09/2022 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વર રામદેવ નગર ખાતે મહિલા બૂટલેગર ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ખાતે રામદેવ નગર ખાતે મહિલા બુટલેગર સંગીતા હરેશ વસાવા ના ઘર માં વિપુલ પ્રમાણમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો વેચાણ કરવાના ઈરાદે રાખ્યો હોવાની  મળી હતી. જે આધારે મહિલા પોલીસને સાથે રાખી ભરૂચ એલસીબી પોલીસે દરોડા પાડ્યા હતા. જ્યાં ઘર માં થી અલગ અલગ બ્રાન્ડ ઈંગ્લીશ દારૂની નાની -મોટી બોટલ 48 અને બિયર ના 24 ટીન નો જથ્થો મળી આવ્યો હતો પોલીસે કુલ 14.400 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 17/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચ શહેરના પશ્ચિમ વિસ્તારમાં બનેલી ચકચારી ઘટનામાં ચૂકાદો

# બાળકી સાથે ચોકલેટના બહાને અડપલાં કરનારને 5 વર્ષની કેદ

## સ્પેશિયલ પોક્સો કોર્ટમાં કેસ ચાલ્યો, કુલ 10 હજારનો દંડ પણ ફટકાર્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના પશ્ચિમ વિસ્તારમાં રહેતી એક બાળકીને ચોકલેટ આપવાના બહાને એક શખ્સે દુકાનમાં બોલાવી શારીરિક અડપલા કર્યાં હતાં. યુવાન વિરૂદ્ધ બી ડિવિઝન પોલીસ મથકે છેડતી અને પોક્સોની કલમ હેઠળ ફરિયાદ નોંધાઇ હતી. ગુનામાં 5 વર્ષની કેદ અને પોકસોના ગુનામાં 3 વર્ષની કેદ તેમજ કુલ 10 હજારનો દંડ ફટકાર્યો હતો.

ભરૂચ શહેરના મોટાનાગોરી વાડ મદીના હોટલ હોટલ પાસે સિદ્દીક અલી ઇશાક દંટીની દુકાને નજીકના વિસ્તારમાં રહેતી એક બાળકી આવતાં તેણે તેને ચોકલેટ આપવાના બહાને અંદર બલાવી તેની સાથે શારીરિક અડપલા કરવા સાથે તેને ગાલ પર પપ્પી કરવા લાગતાં બાળકી ગભરાઇ ગઇ હતી. જેના પગલે તેણે દરવાજો ખોલતાં તે ત્યાંથી ભાગી ઘરે પહોંચી તેની દાદી-ફોઇને ઘટનાની જાણ કરી હતી. બાળકી સાથે બનેલી ઘટનાથી પરિવારના સભ્યો પણ ડઘાઇ ગયાં હતાં. જોકે બાદમાં તેમણે સમગ્ર મામલા અંગે ભરૂચ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી કરી હતી. દરમિયાનમાં કેસ ભરૂચના એડિશનલ સેશન્સ અને સ્પેશિયલ પોક્સો અદાલતના જજ એ. કે. રાવની કોર્ટમાં ચાલી ગયો હતો. જેમાં કોર્ટે મદદનીશ જિલ્લા સરકારી વકીલ આર. જે. દેસાઇની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી સિદ્દીક અલી ઇશાક દંટીને કસુરવાર ઠેરવી અડપલાના ગુનામાં 5 વર્ષની કેદ તેમજ 5 હજારનો દંડ તેમજ પોક્સો એક્ટની કલમ 12 હેઠળ 3 વર્ષની કેદની સજા.5 હજારનો દંડ ફટકાર્યો હતો.

**DATE: 17/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ અને નંદુરબારના યુવાનની ધરપકડ

# કારમાં દારૂની ખેપ મારતાં બે બૂટલેગર પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જીઆઈડીસીમાં બેન્ક ઓફ બરોડાવાળી ગલીમાંથી પોલીસે સુરતથી અર્ટીકા કારમાં વિદેશીદારૂની ખેપ મારનાર બે બુટલેગરોને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી કુલ 62 હજારની મત્તાનો દારૂ બે મોબાઈલ તેમજ કાર મળી કુલ 7.55 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ સી ડિવિઝન પોલીસ સ્ટેશનના એએસઆઈ શૈલેષ નાઈ તેમજ તેમની ટીમ વિસ્તારમાં ચેકિંગમાં હતી. તે વેળાં ચોક્કસ બાતમી મળી હતી કે, નેશનલ હાઈવે પર સુરત તરફથી ભરૂચ જીઆઈડીસી તરફ એક કારમાં બે બુટલેગરો દારૂ લઈને આવનાર છે. જેના પગલે ટીમે સ્થળ પર વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબની કાર આવતાં ટીમે તેને રોકતાં તેમાંથી ડ્રાઈવર મુસ્તુફા હારૂન ધોલીયા (રહે. વસીલા સોસાયટી, ભરૂચ) તેમજ તેની સાથેના ઈમરાન અબ્દુલ રહીમ મેમણ (રહે. નંદુરબાર, મહારાષ્ટ્ર) નામના બન્ને શખસોની પુછપરછ કરવા સાથે કારમાં તપાસ કરતાં તેમાંથી 62 હજારની મત્તાનો વિવિધ બ્રાન્ડનો વિદેશીદારૂનો જથ્થા મળી આવ્યો હતો. પોલીસની પુછપરછમાં તેમણે કબુલાત કરી હતી કે, તેઓ દમણ ફરવા માટે ગયાં હતાં. જ્યાંથી તેમણે એક બારમાંથી દારૂ ખરીદી ભરૂચ છુટક વેચવા માટે લાવ્યાં હતાં. ભરૂચ જીઆઈડીસીમાં ઘણી ગાડીઓ પડી રહેતી હોઈ કોઈને શંકા ન જાય તે માટે તેઓ ત્યાં દારૂ ભરેલી કાર મુકતાં હોવાની કબુલાત કરી હતી.

**DATE: 18/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ભરૂચમાં બે મહિલા સહિત 6 જુગારી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના મક્તમપુર ગામે માછી ફળિયામાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની બાતમીના આધારે સી ડિવિઝન પોલીસની ટીમે સ્થળ પર દરોડ પાડ્યો હતો. ટીમે જુગાર રમતી યાસ્મીન તોફિક સૈયદ તેમજ નીરૂ કનુ વસાવા તથા ધુળા ચંદુ રાઠોડ, સુનિલ ધુળા રાઠોડ, તોફિક ખોજમદઅલી સૈયદ, પ્રવિણ ચુનીલાલ પટેલને ઝડપી પાડ્યાં હતાં.